| GJBK030015792023 | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૯/૧૧/૨૦૨૩ | | | |
| નોંધ્યા તારીખ | ૨૯/૧૧/૨૦૨૩ | | | |
| નિર્ણય તારીખ | ૦૩/૦૪/૨૦૨૬ | | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ | |
| | ૦૨ | ૦૪ | ૦૫ | |

**વડગામના પ્રિન્સીપાલ સિવીલ જજ અને જયુડી. મેજી.ફ.ક.ની કોર્ટ સમક્ષ,**
**મુ. વડગામ**

**ફોજદારી કેસ નં. ૧૨૨૭/૨૦૨૩**
**આંક :–** ૪૭

| | | |
|---|---|---|
| **ફરીયાદી** | :- | શ્રી સરકાર<br>(વડગામ પોલીસ સ્ટેશન ગુ.ર. નં. ૧૧૧૯૫૦૫૫૨૩૦૪૫૯/૨૦૨૩) |
| | **–: વિ રૂ ધ્ધ :–** | |
| **આરોપી** | :- | કરન અશોકકુમાર મોદી,<br>ઉ.વ.૩૦, ધંધો– નોકરી,<br>રહે. ૨૭૧, સનનગર, સિધ્ધપુર તા. સિધ્ધપુર, જી. પાટણ |

| | |
|---|---|
| **તહોમત :–** | **ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪ , મુજબ.** |

| |
|---|
| ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી : એમ.બી.તપોધન |
| બચાવપક્ષે વિ.વકિલ શ્રી : પી. એ. ઠાકોર |

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ , | ૧૦–૦૯–૨૦૨૩ |
| એફ.આઈ.આર. ની તારીખ, | ૧૯–૦૯–૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ , | ૧૧–૧૦–૨૦૨૩ |
| પ્લી ફરમાવ્યાની તારીખ , | ૧૯–૦૨–૨૦૨૪ |
| પુરાવો શરૂઆતની તારીખ , | ૦૫–૦૪–૨૦૨૪ |

| | |
|---|---|
| ચુકાદો બાકી રાખ્યાની તારીખ , | -- |
| ચુકાદો રાખ્યાની તારીખ , | ૦૩-૦૪- ૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ જો હોય તો , | --- |

| આરોપી નો દરજ્જો | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | નોધાયેલ ગુનાની કલમ- | નિર્દોષ કે દોષિત | સજા ફરમાવવા માં આવી | ક્રિમી. પ્રો. કોડની કલમ-૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત નો સમય ગાળો. |
|---|---|---|---|---|---|---|---|
| - | કરન અશોકકુમાર મોદી, | ૦૩/ ૧૦/૨૦૨૩ | ૦૩/૧૦/૨૦૨૩ | ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટ ની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ | નિર્દોષ | - | - |

## -// ઠ રા વ //-

**ફરીયાદની વિગત :-**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તા. ૧૦-૦૯-૨૦૨૩ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યા ના સુમારે મોજે અહમદપુરા પાટીયા પાસે ટાટા કંપનનીની ગાડી નંબર જી.જે. એ.એમ. ૯૦૮૨ ના ચાલકે પોતાનીાગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી મો.સા.નં.

જીજે ૦૮ સીએ ૯૩૭૪ ને ટકકર મારી મો.સા. ઉપર બેઠેલ ફરીયાદીના દીકરા તથા મો.સા. ચાલક સમીરને શરીરે ઓછીવતી ઈજાઓ કરી પોતાની ગાડી લઈ નાસી જઈ ગુનો કર્યાનો આક્ષેપ રહેલો છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ :–**

(૨) ઉપર મુજબની વિગતે ફરીયાદીએ ફરીયાદ આપતા, તે ફરીયાદ અન્વયે વડગામ પોલીસ સ્ટેશન ગુ.ર. નં. ૧૧૧૯૫૦૫૫૨૩૦૪૫૯/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ ,૧૩૪ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ સૂચિપત્ર તૈયાર કરી તેની તપાસ, તપાસ કરનાર અમલદાર શ્રીને સોપતા પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગીક જરૂરી બધી જ કાર્યવાહી કરવામાં આવેલી હતી. ત્યારબાદ ત.ક.અ. શ્રીને આ કેસના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોવાનુ જણાઈ આવતા ત.ક.અ.શ્રી તરફથી તપાસના અંતે ક્રિ. પ્રો. કોડ–૧૯૭૩ની કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ કરતા, કોર્ટ સમક્ષ જે ચાર્જશિટ ફોજદારી કેસ નં. ૧૨૨૭/૨૦૨૩ થી રજીસ્ટરે લઈ, આરોપી વિરૂધ્ધ આ કેસની ન્યાયિક કાર્યવાહિ અત્રેની અદાલતથી ચલાવવામાં આવેલ છે.

**કેસની કોર્ટ સમક્ષની કાર્યવાહી :–**

(૩) આરોપી સામે કેસ રજીસ્ટરે લીધા બાદ સદરહુ કામે આરોપીને સમન્સ કાઢતા, તેઓ કોર્ટમાં હાજર રહેતા, તેઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત ગુના સંબંધે આંક–૦૨ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા, તેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરતા, તેઓ વિરૂધ્ધ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા :–**

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવોઓ નોંધવામાં આવેલ છે.

**(અ) મૌખિક પુરાવા :–**

| **અ.નં.** | **આંક** | **સાહેદનુ નામ** |
|---|---|---|
| (૧) | ૧૦ | ફરીયાદી– અબ્દુલ્લાખાન રહીમખાન વણજારાની જુબાની |
| (૨) | ૦૬ | પંચ– ફીરોજભાઈ મહંમદભાઈ આગલોડીયા |
| (૩) | ૨૫ | સાહેદ– ઓવેશ અબ્દુલ્લાખાન વણઝારા |
| (૪) | ૩૦ | સાહેદ– ઈદ્રીશખાન ઈબ્રાહીમખાન સીંધી |
| (૫) | ૩૧ | સાહેદ– સમીર ઈદ્રીશભાઈ સીંધી |
| (૬) | ૩૨ | સાહેદ– અયાનખાન ઈમ્તીયાઝખાન પઠાણ |
| (૭) | ૩૩ | સાહેદ– આદિલ ફઝાનમીયા સીંધી |

**(બ) દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | આંક | દસ્તાવેજનુ નામ |
|---|---|---|
| (૧) | ૧૧ | ફરીયાદ |
| (૨) | ૦૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| (૩) | ૩૪ | અકસ્માતમાં સંડોવાયેલ ગાડીનું પંચનામું |
| (૪) | ૩૫ | ફયુચર હોસ્પીટલનું મેડીકલ સર્ટીફીકેટ |
| (૫) | ૩૬ | ફયુચર હોસ્પીટલનું મેડીકલ સર્ટીફીકેટ |
| (૬) | ૩૭ | જનરલ હોસ્પીટલ પાલનપુરનું ઈજાનું સર્ટીફીકેટ |
| (૭) | ૩૮ | જનરલ હોસ્પીટલ પાલનપુરનું ઈજાનું સર્ટીફીકેટ |
| (૮) | ૩૯ | સાહેદની આર.સી. બુકની નકલ |
| (૯) | ૪૦ | સાહેદનું ડ્રાઈવીંગ લાયસન્સની નકલ |
| (૧૦) | ૪૧ | આરોપીનું ડ્રાઈવીંગ લાયસન્સની નકલ |
| (૧૧) | ૪૨ | વીમા પોલીસીની નકલ |
| (૧૨) | ૪૩ | ગાડીનું જોબ વર્કની નકલ |
| (૧૩) | ૪૪ | આરોપીની ગાડીની આર.સી. બુકની નકલ |

**(૫)** આ કામે ક્રિમી. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનો વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો પડતો ના હોઈ, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તર્ફે એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રીની વિસ્તૃતપૂર્વકની દલીલો સાંભળી.

(૭) આ કેસના સંજોગો તથા ઉપર મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તા. ૧૦–૦૯–૨૦૨૩ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યા ના સુમારે મોજે અહમદપુરા પાટીયા પાસે ટાટા કંપનનીની ગાડી નંબર જી.જે. એ.એમ. ૯૦૮૨ ના ચાલકે પોતાનીાગાડી પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી મો.સા.નં. જીજે ૦૮ સીએ ૯૩૭૪ ને ટકકર મારી મો.સા. ઉપર બેઠેલ ફરીયાદીના દીકરા તથા મો.સા. ચાલક સમીરને શરીરે ઓછીવતી ઈજાઓ કરી પોતાની ગાડી લઈ નાસી જઈ ભારતીય દંડ સંહિતાની ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટ ની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪, મુજબ નો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>પુરાવાના મુલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત :–</u>**

(૯) ફરીયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુનો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવુ પણ અનુમાન છે કે, જે સાહેદ વીટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મૂલ્યાંકન

કરવા અંગેની કાયદામાં કોઈ ચોક્કસ માર્ગદર્શિકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકત ના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

**મુદ્દા નં.(૧)ના નિર્ણય માટેના કારણો :–**

**(૧૦)** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તે પહેલા અત્રે લાગુ પડતા કલમોના તત્વો સમજવા મહત્વપૂર્ણ છે. ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૭૯ તથા એમ.વી.એકટની કલમ– ૧૮૪ ધ્યાને લેવામાં આવે તો તેમાં તેના નીચે મુજબના ત્રણ તત્વો પૂરવાર કરવા ખૂબજ અગત્યના બને છે.

(૧) જાહેર રસ્તા પર વાહન ચલાવવું અથવા સવારી કરવી.

(૨) બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવુ વાહન ચલાવવું અથવા આવી સવારી કરવી,

(૩) કે જે કારણે બહુજનસમુદાયની જીંદગી ભયમાં મૂકાય અથવા અન્ય વ્યક્તિને વ્યથા અથવા હાની થવા સંભવ હોય.

આમ, આરોપીને દોષીત ઠરાવવા માટે ફરીયાદપક્ષે આ ત્રણેય તત્વો કોર્ટ સમક્ષ પૂરવાર કરવા મહત્વના બને છે. આ ત્રણેય તત્વોમાંથી પણ છણાવટ કરવામાં આવે તો બીજા ક્રમનું તત્વ પુરવાર કરવુ સૌથી અગત્યનું બને છે. ફરીયાદપક્ષે નિ:શંક પૂરવાર કરવાનું રહે છે કે, આરોપી તેનું વાહન ***બેફામપણે*** અથવા ***બેદરકારીપૂર્વક*** ચલાવતો હતો જેના કારણે આક્ષેપીત ગુનો બન્યો હતો.

આ તબક્કે બેફામપણે અથવા બેદરકારીપૂર્વકની વ્યાખ્યા શોધવામાં આવે તો તેની કોઇ ચોક્કસ વ્યાખ્યા નથી, પરંતુ તે પરીસ્થિતી દર પરીસ્થિતી ઉપર નિર્ભર કરે છે કે જે– તે સંજોગોમાં આરોપી બેફામપણે અથવા બેદરકારીપૂર્વક તેનું વાહન ચલાવતો હતો કે કેમ ? એવા ઘણા પરિબળો હોય છે કે જેના ઉપરથી આરોપીની બેદરકારી હતી કે નહતી તે પૂરવાર કરી શકાય છે, જેમ કે અકસ્માત કેટલી વસ્તીવાળા વિસ્તારમાં બન્યો, બનાવનો સમય, તે જગ્યાએ આવતા જતા

અન્ય વાહનોની સંખ્યા, બનાવવાળા જગ્યાના રસ્તાની પહોળાઇ અને તેની અવસ્થા, વાહનની ગતી, ટ્રાફીકના નિયમોનું પાલન, વિગેરે. આ તમામ પરીબળોને ધ્યાને રાખી ફરીયાદપક્ષે પૂરવાર કરવાનું રહે છે કે, આરોપીએ આક્ષેપીત ગુનો આચર્યો છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે આક્ષેપિત કેસ મુજબના ગુનાના ઉકત આવષ્યક તત્વો તથા કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં રાખી આરોપી સામે ફરમાવેલ તહોમતનામા મુજબનો ગુનો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તેના નિર્ણય સારૂ ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનુ તબકકાવાર મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**ફરીયાદી , સાહેદ તથા પંચોનો પુરાવો :–**

(૧૨) ફરીયાદપક્ષના ફરીયાદી **અબ્દુલ્લાખાન રહીમખાન વણઝારાને આંક– ૧૦** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ બનેલો. તે દિવસે તેઓ તેમના ઘરે હતા. ત્યારે બપોરના સવા ત્રણેક વાગ્યે તેમના મોબાઈલ ઉપર તેમના મહોલ્લામાંથી એક ભાઈનો ફોન આવેલો જે ભાઈનુ નામ અત્યારે તેમને યાદ નથી અને તેઓએ ફોન કરી જાણ કરેલી. તેઓએ ફોનમાં જણાવેલ કે તમારો દિકરો ઓવેશ તથા તેનો મીત્ર સમીરને દાંતા રોડ ઉપર એપલ હોટલથી આગળ અકસ્માત થયેલ છે. તે બંનેને ૧૦૮ માં પાલનપુર સીવીલમાં લાવેલ છે તો તમે સીવીલમાં આવો. જેથી તેઓ તથા તેમના પત્ની બંને જણા પાલનપુર સીવીલમાં ગયેલા. તે વખતે સમીરના પપ્પા ઇદ્રીશભાઈ પણ સીવીલમાં આવેલા. ત્યારે તેમના દિકરા ઓવેશને જોયેલ તો તેને માથામાં તેમજ આંખ ઉપર વાગેલ હતુ અને સમીરને માથામાં તથા કમરના ભાગે વાગેલ હતુ. ત્યારે તેઓએ અકસ્માત બાબતે ઓવેશને પુછતા તેણે જણાવેલ કે હુ તથા સમીર, આદિલ અને અયાન એમ ચારેય જણા બે બાઇક લઈ અંબાજી તરફ એક ગામ આવેલ છે ત્યાં ફરવા જતા હતા અને સમીર મો.સા.ચલાવતો હતો અને તેમનો દિકરો ઓવેશ પાછળ બેસેલ હતો અને તેનો નંબર તેમને અત્યારે યાદ નથી. આ મો.સા.હોન્ડા કંપનીનુ હતુ. બીજા બાઈક ઉપર આદીલ અને અયાન હતા. ત્યારે

બપોરના આશરે ૨.૩૦ કલાકે હોટલ એપલથી આગળ પહોંચતા બસ સ્ટેન્ડથી બાજુમાં આવેલ નેળીયામાંથી એક ગામ તરફથી એક ફોર વ્હીલ ગાડી પુરઝડપે આવીને સમીર અને તેમનો દિકરો જે મો.સા.લઇને જતા હતા તે મો.સા.ને ટક્કર મારેલી. અકસ્માત કરનાર ગાડી ટાટા કંપનીની હતી જેનો નંબર તેમને અત્યારે યાદ નથી, ફરીયાદમાં જણાવેલો. આ ગાડીએ અકસ્માત કરેલો તેવુ તેમના દિકરાએ તેમને જણાવેલું. બનાવ બાબતની ફરીયાદ તેઓએ આપેલી જે ફરીયાદમાં તેઓએ તેમની સહી ઓળખી બતાવેલ છે. તેઓ તેમના દિકરાની સારવારમાં રોકાયેલ હોય જેથી ફરીયાદ મોડી આપેલી. ફરીયાદ આપ્યા બાદ પોલીસે તેમની વીશેષ પુછપરછ કરેલી. જે નીવેદનમાં આપેલ ફરીયાદ બરાબર છે તે હકીકત લખાવેલી અને અકસ્માતવાળી જગ્યાએ તેઓ ગયેલા અને ત્યાં સમીરનુ મો.સા.બનાવવાળી જગ્યાએ તુટેલી હાલતમાં પડેલ હતુ તે તેઓએ જોયેલુ.

ફરીયાદીએ તેની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરો નજર જોયેલ નથી. તેમના પરીવારમાં તેમને ત્રણ સંતાનો છે જે પૈકી સૌથી મોટો ઓવેશ છે જેની ઉંમર હાલમાં ૨૦ વર્ષની છે અને બનાવ વખતે તેનાથી છ મહીના ઓછી ઉંમર હતી. તેમનો દિકરો ઓવેશ લાયસન્સ ધરાવતો ન હતો. સમીર જે બાઇક ચલાવતો હતો તે લાયસન્સ ધરાવે છે. બનાવ સમયે તમના દિકરાએ અને સમીરે હેલ્મેટ પહેરેલ ન હતા. બનાવની જાણ તેમને ૩.૧૫ કલાકની આસપાસ થયેલી. બનાવની જાણ તેમને કયા મોબાઈલ નંબરથી થયેલી તે તેમને હાલ યાદ નથી. હોસ્પીટલથી તેમનું રહેઠાણ એક કી.મી. દુર છે. હોસ્પીટલમાં તેઓ અને તેમના પત્ની બંને સાથે તેમના વ્હીકલમાં ગયેલા. તેઓ જ્યારે પહોંચેલા ત્યારે તેમનો દિકરો તેમની સાથે વાતચીત કરી શકે તેવી હાલતમાં હતો. તેમના દિકરાને બનાવવાળી જગ્યાએથી ૧૦૮ માં સીવીલ હોસ્પીટલમાં લાવવામાં આવેલો. ૧૦૮ ને ફોન કરીને કોણે બોલાવેલી તેની મને ખબર નથી. બનાવના ચાર દિવસ બાદ ફરીયાદ આપવા તેઓ ગયેલા. કઈ તારીખે ફરીયાદ આપેલી તે તારીખ તેમને યાદ નથી. તેઓએ પો.સ્ટે.જઇને ફરીયાદ આપેલી. પોલીસે તેમનો જવાબ એક જ વાર લીધેલો. પોલીસે ફરીયાદમાં તેમની સહી લીધેલી. અમોએ અકસ્માતનુ વળતર

મેળવવા માટે પાલનપુર મુકામે ક્લેઈમ દાખલ કરેલ છે. નસરીનબાનુ મારા પત્ની થાય છે. તેમનો દિકરો જે બાઈક ઉપર હતો તે પાલનપુર થી દાંતા તરફ જતો હતો. બનાવની જાણ તેમને ફોન ધ્વારા થયેલી. તેમનો દિકરો ઓવેશ અને તેનો મીત્ર સમીર તેનુ મો.સા.લઈને જતા હતા ત્યારે વરસાદી પાણી ભરાયેલ હોય તેમાં બાઈક સ્લીપ થવાથી નીચે પડી ગયેલા અને કહેવાતી ઈજાઓ થયેલી. તેમના દિકરા ઓવેશે તેમને કોઈ પણ ગાડી સાથે અકસ્માત થયેલ હોય તેવુ જણાવેલ નથી. બીજી અન્ય હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષના **સાહેદ ઓવેશ અબ્દુલ્લાખાન વણઝારા ને આંક- ૨૫** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે દોઢેક વર્ષ અગાઉ તેઓ તથા તેમનો મીત્ર સમીર તથા અયાનખાન અને આદિલ વીગેરે ચાર જણાઓ પાલનપુર થી સુરપગલા ફરવા જતા હતા ત્યારે તેઓ તથા તેમનો મીત્ર સમીર બંને જણા સમીરના સ્પ્લેન્ડર મો.સા.ઉપર બેસી જતા હતા તે મો.સા.નો નંબર તેમને હાલમાં યાદ નથી તથા અયાનખાન અને આદિલખાન બંને જણા બર્ગમેન બાઈક ઉપર બેસી જતા હતા તેનો નંબર તેમને હાલમાં યાદ નથી. તે જે મો.સા. ઉપર બેસેલ હતો તે મો.સા.સમીર ચલાવતો હતો. તે તથા સમીર બંને જણા જતા હતા ત્યારે અહમદપુરા પાટીયા નજીક પહોંચતા અહમદપુરા ગામ તરફથી એક ટાટા ટીયાગો ગાડી જે પુરઝડપે અચાનક રોડ ઉપર આવી જતા જે ગાડીના ચાલકે ટક્કર મારેલી. સદર ટક્કર વાગવાથી તે તથા સમીરખાન બંને જણા પડી ગયેલા અને તેઓ બેભાન થઈ ગયેલા. તેઓને ૧૦૮ મારફત સૌપ્રથમ સીવીલ હોસ્પીટલમાં અને ત્યાંથી વધુ સારવાર સારુ પ્રાઈવેટ હોસ્પીટલ ફ્યુચર હોસ્પીટલમાં લઈ ગયેલા. સદર અકસ્માત કરનાર ગાડી આદિલ તથા અયાને જોયેલ હોય તેઓએ અકસ્માત કરનાર ગાડીનો નંબર જોયેલ હતો. તેમને આ અકસ્માતમાં માથાના ભાગે તેમજ મોઢા ઉપર હોઠના ભાગે ઈજા થયેલી અને તેમનો હોઠ કપાઈ ગયેલો. સદર અકસ્માતના બનાવ અંગે તેમના પિતાએ ફરીયાદ આપેલી. બનાવ બાબતે ફરીયાદ થતા પોલીસે નીવેદન લીધેલુ.

આ સાહેદ તેની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

તેઓ કુલ ત્રણ ભાઈઓ છે. બનાવ સમયે તેમની ઉંમર ૨૦ વર્ષની હતી. તેમની જન્મ તારીખ ૨૧/૦૨/૨૦૦૪ છે. આ કામના ફરીયાદી તેમના પિતા થાય છે. આ કામે સાહેદ નશરીનબાનુ અબ્દુલકાન વણઝારા તેમના માતા થાય છે. તેઓ પાલનપુર થી સુરપગલા આશરે એકાદ વાગ્યા થી દોઢેક વાગ્યાની આજુબાજુ નીકળેલા. તેઓ જે બાઈક ઉપર જતા હતા તે બાઇકની સ્પીડ ૪૦-૪૫ કી.મી./કલાકની હતી. જે સ્પીડથી તેઓ બાઈક લઈને જતા હતા તે પ્રમાણે તેઓ અકસ્માતવાળી જગ્યાએ આશરે દોઢેક વાગ્યે પહોંચી શકીએ. અકસ્માતવાળી જગ્યાની ઉત્તર દિશાએ કાચુ નેળીયુ આવેલ છે. કાચુ નેળીયુ એટલે કે રોડ નહી પરંતુ રેતીવાળો રસ્તો. અકસ્માતવાળી જગ્યાની દક્ષિણ દિશાએ હોટલ અને દુકાનો આવેલી છે. અકસ્માતવાળી જગ્યાએ કટ આવેલ છે. પાલનપુર થી દાંતા તરફ જતી કોઈ પણ ગાડીએ વળવુ હોય તો ઉભુ રહેવુ પડે અને પછી વળી શકાય. પડી જવાથી તેમને ઈજાઓ થયેલી. પડી જવાથી હુ બેભાન થઇ ગયેલો. અકસ્માતસ્થળે બેભાન થતા તેઓ પ્રાઈવેટ હોસ્પીટલમાં બે દિવસ બાદ ભાનમાં આવેલા. સીવીલ હોસ્પીટલ, પાલનપુર મુકામે તેમની શુ સારવાર કરવામાં આવેલી તેની તેમને ખબર નથી. એ વાતની તેમને ખબર નથી કે, પોલીસે તેમનું નીવેદન કઈ તારીખે લીધેલું. અકસ્માત કરનાર ગાડીનો નંબર તેમને ખબર નથી પરંતુ તેમના મીત્રોએ તેમને જણાવેલો. બનાવ તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ બનેલો. તેમના પિતાજીએ તા. ૧૨/૦૯/૨૦૨૩ ના રોજ ફરીયાદ આપેલી. ફરીયાદમાં તેમના પિતાજીએ શુ લખાવેલુ તેના વીશે તેમને કોઈ જાતમાહીતી નથી. ફરીયાદ કોના વીરુધ્ધમાં અને કઈ ગાડી વીરુધ્ધમાં લખાવેલી તેના વીશે તેમને કોઈ જાતમાહીતી નથી. અકસ્માતનુ વળતર મેળવવા સારુ અમોએ પાલનપુર કોર્ટમાં ક્લેઈમ દાખલ કરેલ છે. તેઓ તથા તેમનો મીત્ર સમીર તેનુ મો.સા.લઈને જતા હતા ત્યારે વરસાદી પાણી ભરાયેલ હોય તેમાં બાઇક સ્લીપ થવાથી નીચે પડી ગયેલા અને કહેવાતી ઈજાઓ થયેલી. મને કોઈ ગાડીએ અકસ્માત કરેલ હોય તેવું બનેલ નથી. બીજી અન્ય હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૧૪) આ કામે ફરીયાદપક્ષના **<u>સાહેદ ઈદ્રીશખાન ઈબ્રાહીમખાન સીંધી ને આંક- ૩૦</u>** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,તા.૧૦/૦૯/૨૦૨૩ ના બપોરના સવા ત્રણેક વાગ્યે તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તે વખતે તેમના પાડોશમાં રહેતા નશરીનબાનુએ તેમને જાણ કરેલ કે

તમારા દિકરા સમીર તથા તેનો મીત્ર ઓવેશ બાઈક લઈને બહાર ગયેલ છે જેઓનો કંઈક બનાવ બનેલ છે અને તેઓને પાલનપુર સીવીલમાં લાવેલ છે તેવી જાણ કરતા તેઓ પાલનપુર સીવીલમાં ગયેલા ત્યાં પાલનપુર સીવીલમાં તેમના દિકરા સમીરને બાઈક ઉપરથી પડી જવાથી ઈજાઓ થયેલી હતી અને તેની સાથે બીજા તેના મીત્ર ઓવેશને પણ પડી જવાથી ઈજાઓ થયેલ હતી. તેઓ પાલનપુર દવાખાને ગયેલો ત્યાં તેમના દિકરા સમીરને માથામાં તથા કમ્મરના ભાગે તથા ડાબા પગે ઈજાઓ થયેલ હતી અને ઓવેશને માથામાં તેમજ મોઢાના હોઠના ભાગે તથા ડાબી આંખ ઉપર વાગેલ હતુ. જેઓને પાલનપુર સીવીલમાં સારવાર કરેલી અને ત્યારબાદ તેમના દિકરા સમીરને વધુ ઈજાઓ થયેલી હોય વધુ સારવાર સારૂં ફ્યુચર હોસ્પીટલ, પાલનપુર મુકામે લઈ ગયેલા અને ત્યાં સારવાર કરાવેલી. આ સીવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

આ સાહેદ તેની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી. તેમનો દિકરો સમીર તેનુ મો.સા.લઇને જતા હતા ત્યારે વરસાદી પાણી ભરાયેલ હોવાથી બાઈક સ્લીપ થઈ જવાથી તેઓ નીચે પડી ગયેલા અને તેમને કહેવાતી ઈજાઓ થયેલી. તેના બાઇકને કોઇ ગાડીએ અકસ્માત કરેલ ન હતો. બીજી અન્ય હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષના **સાહેદ સમીર ઈદ્રીશભાઈ સીંધી ને આંક– ૩૧** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ તથા તેમનો મીત્ર ઓવેશ અબ્દુલખાન વણઝારા બંને જણા તેમના સ્પ્લેન્ડર મો.સા.નં.જી.જે.૦૮ સી એ ૯૩૭૪ નુ લઈ તથા તેમના મીત્ર અયાનખાન ઇમ્તીયાઝખાન પઠાણ તેઓનુ બર્ગમેન મો.સા.જી.જે.૦૮ સી એન ૧૧૨૩ નુ લઈ અને તેમની સાથે આદીલ ફઝામીયા સીંધી એ રીતેના અમો ચારેય મીત્રો પાલનપુર થી સુરપગલા ફરવા જતા હતા તે વખતે બર્ગમેન મો.સા.અયાનખાન ચલાવતા હતા અને તેમનું બાઈક તે ચલાવતો હતો અને તેમના બાઇક પાછળ ઓવેશ અબ્દુલ્લાખાન વણઝારા બેસેલ હતા. તે વખતે અયાનખાન તથા આદિલ બંને જણા અહમદપુરા પાટીયાથી તેમની આગળ

નીકળી ગયેલ અને તેઓ અહમદપુરા પાટીયા નજીક પહોંચતા તેમનું મો.સા. સ્લીપ મારી જતા રોડ ઉપર પડી ગયેલ જેથી તેમને તથા ઓવેશને સામાન્ય ઈજાઓ થયેલી. તે વખતે કોઈએ ૧૦૮ ને ફોન કરતા તેઓ બંનેને પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સારવાર સારુ લઈ ગયેલ તેમના પિતાને તથા ઓવેશના માતા-પિતાને બનાવની જાણ થતા દવાખાને આવેલા. તેમને અકસ્માતમાં માથામાં તથા કમ્મરના ભાગે તથા ડાબા ભાગે ઈજાઓ થયેલી અને ઓવેશને મોંઢાના ભાગે તથા હોઠના ભાગે તેમજ ડાબી આંખ ઉપર વાગેલ હતુ. તેમને વધુ ઈજાઓ થયેલ હોય સારવાર સારું ફ્યુચર હોસ્પીટલ, પાલનપુર મુકામે વધુ સારવાર સારુ રીફર કરવામાં આવેલ. આ સીવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

આ સાહેદ તેની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ તેમનું મો.સા.લઈને જતા હતા ત્યારે વરસાદી પાણી ભરાયેલ હોવાથી બાઈક સ્લીપ થઈ જવાથી અમો નીચે પડી ગયેલા અને અમોને કહેવાતી ઈજાઓ થયેલી, તેમના બાઈકને કોઈ ગાડીએ અકસ્માત કરેલ ન હતો. બીજી અન્ય હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૧૬) આ કામે ફરીયાદપક્ષના **સાહેદ અયાનખાન ઈમ્તીયાઝખાન પઠાણ ને આંક- ૩૨** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ તથા આદીલ બંને જણા તેઓનુ બર્ગમેન મો.સા.જી.જે.૦૮ સી એન ૧૧૨૩ નુ લઈને તથા તેમના મીત્ર સમીર ઈદ્રીશખાન સીંધી તેમનુ સ્પ્લેન્ડર મો.સા.નં.જી.જે.૦૮ સીએ ૯૩૭૪ નુ લઈ તેમની સાથે ઓવેશ અબ્દુલખાન વણઝારા એ રીતેના ચારેય જણા પાલનપુર થી સુરપગલા ફરવા જતા હતા. બર્ગમેન અયાનખાન ચલાવતો હતો અને સમીર તેનુ મો.સા. ચલાવતો હતો. આશરે અઢી વાગ્યાના સુમારે અહમદપુરા પાટીયાથી તેઓ આગળ નીકળી ગયેલા અને સમીર તેનુ મો.સા.લઈ પાછળ આવતો હતો ત્યારે તેઓ અહમદપુરા પાટીયા નજીક પહોંચતા તેમનુ મો.સા. સ્લીપ મારી જતા રોડ ઉપર પડી ગયેલ અને તેમને ૧૦૮ મારફત સારવાર સારુ લઇ ગયેલ હતા તે વખતે અયાનખાને સમીરખાનને ફોન કરેલો પરંતુ ઉપાડેલ નહી. પાછળથી ૧૦૮ માંથી

અચાનખાન ઉપર ફોન આવેલ અને જણાવેલ કે તેઓ પડી ગયેલ હોય જેથી જેથી સમીરને તથા ઓવેશને સામાન્ય ઈજાઓ થયેલી અને પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સારવાર સારુ લઇ ગયેલા. ત્યારે સમીરના પિતાને તથા ઓવેશના માતા–પિતાને બનાવની જાણ થતા તેઓ પણ દવાખાને તાને આવેલા. આવેલા. સમીરને અકસ્માતમાં માથામાં તથા કમ્મરના ભાગે તથા ડાબા ભાગે ઈજાઓ થયેલી અને ઓવેશને મોંઢાના ભાગે તથા હોઠના ભાગે તેમજ ડાબી આંખ ઉપર વાગેલ હતુ. સમીરને વધુ ઈજાઓ થયેલ હોય સારવાર સારુ ફ્યુચર હોસ્પીટલ, પાલનપુર મુકામે વધુ સારવાર સારુ રીફર કરવામાં આવેલ. આ સીવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી. બનાવ બાબતે ફરીયાદ દાખલ થતા પોલીસે તેમની પુછપરછ કરી નીવેદન નોંધેલુ.

આ સાહેદ તેની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સમીર તેમનુ મો.સા.લઇને જતા હતા ત્યારે વરસાદી પાણી ભરાયેલ હોવાથી બાઇક સ્લીપ થઈ જવાથી તેઓ નીચે પડી ગયેલા અને તેઓને કહેવાતી ઈજાઓ થયેલી. સમીરના બાઈકને કોઈ ગાડીએ અકસ્માત કરેલ ન હતો. બીજી અન્ય હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષના **<u>સાહેદ આદિલ ફઝાનમીયા સીંધી આંક– ૩૩</u>** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૦/૦૯/૨૦૨૩ ના રોજ તેઓ તથા અચાનખાન બંને જણા તેઓનુ બર્ગમેન મો.સા.જી.જે.૦૮ સી એન ૧૧૨૩ નુ લઈને તથા તેમના મીત્ર સમીર ઈદ્રીશખાન સીંધી તેમનુ સ્પ્લેન્ડર મો.સા.નં.જી.જે.૦૮ સીએ ૯૩૭૪ નુ લઈ તેમની સાથે ઓવેશ અબ્દુલખાન વણઝારા એ રીતેના ચારેય જણા પાલનપુર થી સુરપગલા ફરવા જતા હતા. બર્ગમેન અચાનખાન ચલાવતો હતો અને સમીર તેનુ મો.સા. ચલાવતો હતો. આશરે અઢી વાગ્યાના સુમારે અહમદપુરા પાટીયાથી તેઓ આગળ નીકળી ગયેલા અને સમીર તેનુ મો.સા.લઈ પાછળ આવતો હતો ત્યારે તેઓ અહમદપુરા પાટીયા નજીક પહોંચતા તેમનુ મો.સા. સ્લીપ મારી જતા રોડ ઉપર પડી

ગયેલ અને તેમને ૧૦૮ મારફત સારવાર સારુ લઈ ગયેલ હતા તે વખતે અયાનખાને સમીરખાનને ફોન કરેલો પરંતુ ઉપાડેલ નહી. પાછળથી ૧૦૮ માંથી અયાનખાન ઉપર ફોન આવેલ અને જણાવેલ કે તેઓ પડી ગયેલ હોય જેથી જેથી સમીરને તથા ઓવેશને સામાન્ય ઈજાઓ થયેલી અને પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સારવાર સારુ લઈ ગયેલા. ત્યારે સમીરના પિતાને તથા ઓવેશના માતા–પિતાને બનાવની જાણ થતા તેઓ પણ દવાખાને તાને આવેલા. આવેલા. સમીરને અકસ્માતમાં માથામાં તથા કમ્મરના ભાગે તથા ડાબા ભાગે ઈજાઓ થયેલી અને ઓવેશને મોંઢાના ભાગે તથા હોઠના ભાગે તેમજ ડાબી આંખ ઉપર વાગેલ હતુ. સમીરને વધુ ઈજાઓ થયેલ હોય સારવાર સારુ ફ્યુચર હોસ્પીટલ, પાલનપુર મુકામે વધુ સારવાર સારુ રીફર કરવામાં આવેલ. આ સીવાય તેઓ બીજુ કાંઇ જાણતા નથી. બનાવ બાબતે ફરીયાદ દાખલ થતા પોલીસે તેમની પુછપરછ કરી નીવેદન નોંધેલુ.

આ સાહેદ તેની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થન કરતો પુરાવો આપતાં ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સમીર તેમનુ મો.સા.લઈને જતા હતા ત્યારે વરસાદી પાણી ભરાયેલ હોવાથી બાઇક સ્લીપ થઈ જવાથી તેઓ નીચે પડી ગયેલા અને તેઓને કહેવાતી ઈજાઓ થયેલી. સમીરના બાઈકને કોઈ ગાડીએ અકસ્માત કરેલ ન હતો. બીજી અન્ય હકીકતોનો તેઓએ ઈન્કાર કરેલ છે.

(૧૮) ફરીયાદપક્ષના <u>**પંચ ફીરોજભાઇ મહંમદભાઇ આગલોડીયા આંક– ૬**</u> ના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આશરે આઠ–નવ માસ અગાઉ પોલીસે તેમને પાલનપુર–દાંતા હાઈવે રોડ ઉપર અહમદપુરા બસ સ્ટેન્ડ બાજુ પંચ માં રહેવા માટે બોલાવેલા ત્યારે બીજા પંચ તરીકે કીશનસીંહ અર્જુનસીંહને પણ બોલાવેલ અને ત્યારે ત્યાં પોલીસે અકસ્માતવાળી જગ્યાનુ પંચનામુ કરવાનુ છે તેવી સમજ કરેલી. ત્યારે ત્યાં એક ભાઈ હાજર હતા તેઓએ અકસ્માતવાળી જગ્યા બતાવેલી અને તે જગ્યા દાંતા–અંબાજી હાઈવે ઉપર અહમદપુરા બસ સ્ટેન્ડની નજીક રોડ ઉપર આવેલ હતી અને ત્યાં પાકો ડામરનો રોડ હતો. ત્યાં જઈને જોયેલ તો ત્યાં અહમદપુર પીક અપ સ્ટેન્ડ ઉપર રોડ વચ્ચે એક મો.સા.પડેલ હતુ અને આ મો.સા.

અકસ્માતવાળુ મો.સા.હતુ અને તે જોતાં તે કાળા કલરનુ સ્પ્લેન્ડર હતુ તેનો નંબર તેઓએ જે તે વખતે જોયેલો પરંતુ અત્યારે યાદ નથી, પોલીસને જણાવેલો. આ મો.સા.ને આગળના ભાગનો ટોપો તુટેલ હતો અને આગળનુ વ્હીલ બેન્ડ થયેલ હતુ. આ મો.સા.ને આશરે કેટલુ નુકશાન હતુ તે હુ કહી શકે નહી. આ અંગેનુ વીગતવારનુ પંચનામુ પોલીસે તેમની હાજરીમાં કરેલુ અને પંચનામુ કર્યા બાદ પોલીસે તેમાં તેમની સહી લીધેલી. તેમને પંચનામુ બતાવતા તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

આ પંચ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે,તેઓ ધોરણ ૧૨ સુધી ભણેલ છે. તેઓ ખેતીકામ કરે છે અને દુકાન ચલાવે  છે. પંચનામુ કઈ તારીખે થયેલુ, કેટલા વાગ્યે શરુ થયેલુ અને કેટલા વાગ્યે પુર્ણ થયેલુ તેની તેમને ખબર નથી. આ પંચનામુ સવારે થયેલુ. પંચનામું સવારે કેટલા વાગ્યે થયેલુ તેની તેમને ખબર નથી. પંચનામુ કરવા માટે તેમને પોલીસે બોલાવેલો. પોલીસ તેમને પંચનામુ કરવા માટે બોલાવવા આવેલી ત્યારે તેઓ દુકાને હાજર હતા. બનાવવાળી જગ્યાની દક્ષિણ બાજુએ તેમની દુકાન આવેલી છે. સાહેદ જણાવે છે કે, હાઈવેની સામેની બાજુએ તેમની દુકાન આવેલી છે. તેઓને પંચનામામાં બાઇકનો નંબર લખાવેલો. બાઈકના આગળના ભાગમાં નુક્શાન થયેલું. બાઇકની ડાબી કે જમણી બાજુએ તેઓને કોઈ નુકશાન થયેલુ જોયેલ નથી. તેમને પોલીસે બનાવવાની જગ્યા બતાવેલી. સાહેદ જણાવે છે કે, મે પહેલેથી જગ્યા જોયેલ હતી. બીજી અન્ય હકીકતનો તેઓ ઈન્કાર કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> :-**

(૧૯) સદર કામે ફરીયાદપક્ષે ફરીયાદી અબ્દુલ્લાખાન રહીમખાન વણઝારાનો પુરાવો આંક- ૧૦ થી નોંધાયેલ છે. ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. આ કામે ફરીયાદીની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ તે હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરો નજર જોયેલ નથી. બનાવની જાણ તેમને ફોન ધ્વારા થયેલી. તેમનો દિકરો ઓવેશ અને તેનો મીત્ર સમીર તેનુ મો.સા.લઈને જતા હતા ત્યારે વરસાદી પાણી ભરાયેલ હોય તેમાં બાઇક સ્લીપ થવાથી નીચે પડી ગયેલા અને કહેવાતી ઈજાઓ થયેલી. તેમના

દિકરા ઓવેશે તેમને કોઇ પણ ગાડી સાથે અકસ્માત થયેલ હોય તેવુ જણાવેલ નથી. આ કામે ફરીયાદીની ઉલટ તપાસ જોતાં તેઓએ બનાવ નજરે જોયેલ નથી. વરસાદી પાણી ભરાયેલ હોય તેમાં બાઇક સ્લીપ થવાથી નીચે પડી ગયેલા અને કહેવાતી ઈજાઓ થયેલી. તેમના દિકરા ઓવેશે તેમને કોઇ પણ ગાડી સાથે અકસ્માત થયેલ હોય તેવુ જણાવેલ નથી. આમ, બનાવ સમયે આ કામના આરોપી જ પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારતા હતા, કે આ કામના આરોપીની ગાડી સાથે ઈજા પામનારનું મો.સા. અથડાયેલું હોય તેવી કોઈ હકીકત ફરીયાદીના પુરાવામાંથી પુરવાર થતી નથી.

આ કામે ફરીયાદપક્ષના સાહેદ ઓવેશ અબ્દુલ્લાખાન વણઝારાનો પુરાવો આંક– ૨૫ થી તથા અન્ય સાહેદ ઈદ્રીશખાન ઈબ્રાહીમખાન સીંધી ને તથા આંક–૩૦ થી, સમીર ઈદ્રીશખાન સીંધીને તથા આંક–૩૧ થી, અયાન ખાન ઈમ્તીયાઝખાન પઠાણ ને તથા આંક–૩૨ થી, સાહેદ આદિલ ફઝાનમીયા સીંધીને તથા આંક– ૩૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, સમીર, ઓવેશ, અયાનખાન તથા આદિલ આ ચારેય મીત્રો પાલનપુરથી સુરપગલા મો.સા. લઈને ફરવા જતા હતા ત્યારે આહમદપુરા પટીયા નજીક સમીરનું મો.સા. સ્લીપ મારી જતા રોડ ઉપર પડી ગયેલ. જેથી સમીર તથા તેમની સાથે બેઠેલા ઓવેશને ઈજાઓ થયેલ. આ કામે સાહેદોની ઉલટ તપાસ જોતાં વરસાદી પાણી ભરાયેલ હોય તેમાં બાઇક સ્લીપ થવાથી નીચે પડી ગયેલા અને કહેવાતી ઈજાઓ થયેલી. આમ, બનાવ સમયે આ કામના આરોપી જ પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારતા હતા, કે આ કામના આરોપીની ગાડી સાથે ઈજા પામનારનું મો.સા. અથડાયેલું હોય તેવી કોઈ હકીકત આ સાહેદોના પુરાવામાંથી પુરવાર થતી નથી. તેથી આ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો નથી.

આ કામે આંક–૦૭ થી અકસ્માતવાળી જગ્યાનું પંચનામું રજુ છે આ પંચનામાના પંચ સાહેદને આંક–૦૬ થી તપાસવામાં આવેલ છે. આ પંચસાહેદે

આંક–૦૭ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતો પુરાવો રજુ કરેલ નથી. તથા આંક– ૩૪ વાહનનું પંચનામું રજુ છે. આ પંચનામાઓ કબુલ કરતા તેને આંક આપી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. આ પંચનામાનાને ફરીયાદપક્ષના મૌખિક પુરાવાથી સમર્થન મળતું ના હોઈ, જેથી આ પંચનામાને પુરાવામાં ગ્રાહય રાખવામં આવતા નથી. આ કામે ફરીયાદપક્ષે આંક–૩૭ તથા આંક–૩૮ થી ઈજા એગેનું સર્ટીફીકેટ રજુ છે. આ ઈજાનું સર્ટીફીકેટ કબુલ કરતાં તેને આંક આપી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. તેમાં ઈજા પામનારને ઈજા થયેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં તેમને અકસ્માતમાં સંડોવાયેલ વાહનથી ઈજાઓ થયેલ હોવાનું જણાવેલ નથી. તેથી આ ઈજાનું સર્ટીફીકેટ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતું નથી.

(૨૦) ઉપરોકત પડેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો જયારે આરોપી વિરૂધ્ધ ઈ. પી કો. કલમ–૨૭૯ સબબના આક્ષેપ કરવામાં આવેલ હોય ત્યારે ફરીયાદપક્ષે પ્રથમ આરોપી ની ઓળખ પ્રસ્થાપિત કરવી જરૂરી છે, તેમજ આરોપીનું બેદરકારી પુર્વકનું અથવા આરોપીએ પુરઝડપે વાહન હંકારીને અકસ્માત કરેલ છે તેવું વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. આ કામે ફરીયાદપક્ષ આ કામના આરોપી પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારતા હતા તે હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આ કામના તહોમતદાર વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૩૭ અને ૩૩૮ ના આક્ષેપો કરવામાં આવેલ છે. હવે વાહન અકસ્માતના કેસોમાં ઈ. પી. કો. કલમ ૩૩૭ અને ૩૩૮ ઈ.પી.કો.કલમ ૨૭૯ ની આનુષંગીક કલમ ગણાય, એટલે કે જો ઈ.પી.કો.કલમ ૨૭૯ ના આક્ષેપો પુરવાર થઈ શકે તો જ ઈ.પી.કો.કલમ ૩૩૭ અને ૩૩૮ ના આક્ષેપો પુરવાર થઈ શકે. ઉપરોકત કરવામાં આવેલ વિગતવારની ચર્ચા અનુસાર જયારે ઈ.પી.કો.કલમ ૨૭૯ના જ આક્ષેપો પુરવાર થઈ શકતા નથી તેવા સંજોગોમાં ઈ.પી.કો.કલમ ૩૩૭ અને ૩૩૮ ના આક્ષેપો પણ પુરવાર થઈ શકતા નથી.

આમ, ફરીયાદપક્ષ તહોમતદાર વિરૂધ્ધના આક્ષેપો શંકારહીત પુરવાર થઈ શકતા ન હોવાથી મુદ્દા નં.–૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં .– ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) આ કામના આરોપી **કરન અશોકકુમાર મોદી**, રહે. ૨૭૧, સનનગર, સિધ્ધપુર તા. સિધ્ધપુર, જી. પાટણ વાળાને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, મુજબના શિક્ષાનેપાત્ર ગુનાઓમાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડ–૧૯૭૩ની કલમ–૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના અપીલ સમય સુધીનાં નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. વડગામ<br>
તા. ૦૩/૦૪/૨૦૨૬

**( ચંદ્ર શેખર શર્મા)**<br>
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,<br>
વડગામ<br>
જજ કોડ નં.જીજે. ૦૧૫૬૨